ઘરથી દૂર ઘરની ગરજ સારતી યુવતીઓ માટેની સુરક્ષિત હોસ્ટેલ

આ તે હોસ્ટેલ છે કે ફાઈવ સ્ટાર હોટલ

અલબત્ત તમે ચાહો તો લિફ્ટનો ઉપયોગ પણ કરી શકો છો. કોરીડોરમાં ઉપર રંગબેરંગી લેમ્પ લટકી રહ્યાં છે. વચ્ચેની જગ્યામાં ચાલતાં આગળ વધો એટલે ડાબી બાજુએ બેઠક વ્યવસ્થા જોવા મળે. એક વિભાગમાં ૮ થી ૧૦ છોકરીઓ બેસીને ગપ્પાં મારી શકે અથવા ગેઈમ રમી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. દિવાલ પર મેનેજમેંટ ગુરૂઓના સોનેરી સૂત્રો અને પ્રેરણાદાયી સ્ત્રીઓના ફોટા લગાવવામાં આવ્યાં છે. રૂમમાં પ્રવેશો એટલે ૩ સિંગલ બેડ ગોઠવેલાં છે. દરેક બેડની ઉપર જુદો પંખો અને બે બેડની વચ્ચે કાચની નાની ટિપોય દિવાલ સાથે જડેલી છે. વચ્ચેના પલંગની સામે મોટું ડ્રેસીંગ ટેબલ છે. અરીસો ખોલીને પાછળ લગાવેલી નાની નાની શેલ્ફમાં વિદ્યાર્થીનીઓ પોતાના સૌંદર્ય પ્રસાધનો ગોઠવી શકે, જ્યારે વિદ્યાર્થીનીઓ માટે નોંખા

દરેક મજલે એક પેન્ટ્રી. આમાં માઈક્રોવેવ ઈલેક્ટ્રીક સગડી અને ફ્રીઝની સગવડ મોજૂદ છે. જો ક્યારેક મેસમાં જમવાની ઈચ્છા ન હોય તો બહારથી લાવેલું ખાવાનું માઈક્રોવેવ કે ઈલેક્ટ્રીક સગડી પર ગરમ કરીને ખાઈ શકાય. ફ્રીઝમાં કોઈ ખાદ્ય પદાર્થ મુકી રાખવા હોય તો મુકી શકાય. આ ઉપરાંત દરેક ફ્લોર પર બેગ મુકવા માટે જુદો 'બેગ રૂમ', સામાન ખાલી કરીને બેગ કબાટ પર કે પછી રૂમમાં ગમે ત્યાં મુકી દેવાને બદલે બેગ રૂમમાં જ મુકવાની.

દરેક રૂમનું ફર્નીચર એક સરખું હોવા

પરિવાર સાથે રહી શકે તે માટે બે બેડરૂમ, હૉલ અને કીચનનો નોખો ફ્લેટ. આ માહિતી આપતાં સંસ્થાના ટ્રસ્ટી ભાર્ગવ પટેલ અને ભૂપેશ પટેલે 'ગુજરાત સમાચાર'ને કહ્યું હતું કે 'નરસી મોનજી ઈન્સ્ટિટ્યૂટ ફોર મેનેજમેંટ સ્ટડીઝ' ભારતની ટોચની ઈન્સ્ટિટ્યૂટોમાંની એક છે. અહીં ભારતભરમાંથી વિદ્યાર્થીનીઓ શિક્ષણ મેળવવાની ઈચ્છા રાખે છે. પરંતુ ઘણીવાર તેમની સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં લઈને



ભારતભરની યુવતીઓને ઘરથી દૂર રહીને ઘરની ખોટ ન સાલે એવી, ફાઈવ સ્ટાર સગવડો ધરાવતી હોસ્ટેલ. વિલેપાર્લા કેળવણી મંડળની વિદ્યાર્થિનીઓ અહીં સામાન્ય હોસ્ટેલ જેટલી કિંમતમાં રહી શકશે. (તસવીર : પ્રસાદ લોકે)